જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૦૭/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપિંડીની ફરીયાદઃ સમાચાર યાદી નં.૧૧૭૨/૨૦૨૩

**કાલુપુરઃ** હિરાનંદ આસનદાસ બચાની (ઉ.વ.૬૨) (રહે. કાવેરી પ્રથમ શીલજ) એ તા.૧૬/૦૭/૨૦૨૩ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિરાનંદ બચાની કાલુપુર નવો વાસ જાંબુડાનો ખાંચો, સ્વામિનારાયણ મંદિર રોડ દુકાન નંબર-૨૪૯૭ રાધે ટેક્ષટાઇલ્સ નામની ગારમેન્ટ કાપડની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ સને ૨૦૨૦ થી તા.૨૫/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન શ્યામ ગારમેન્ટ ના માલીક રાકેશ શર્મા (રહે. ૪-૬-૯૦/૪૧ તેજસ્વીનગર કોલોની અત્તાપુર હૈદરાબાદ) એ હિરાનંદ બચાનીને વિશ્વાસમાં લઈ કોટન પેન્ટના ઓર્ડર આપી માલ મેળવી લઈ બાકી નિકળતા રૂપિયા ૧૧,૨૪,૮૦૦/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૩/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** સોનલબહેન વા/ઓ જયેશકુમાર ભાવસાર (ઉ.વ.૫૨) (રહે. પલ્લવી એપાર્ટમેન્ટ ચાર માળીયા મેમનગર ફાયર સ્ટેશન સામે નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/30 વાગ્યાના સુમારે સોનલબહેન ભાવસારના ઘરે તીજોરી રીપેરીંગ કરવા સારું આવેલ સરદારજી જેવો પુરૂષ સોનલબહેન ભાવસારની નજર ચુકવી તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એસ.પઠાણ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૪/૨૦૨૩**

**"જે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** બિલાલ મેહરુદિન શેખ (ઉ.વ.૧૮) (રહે. મિરઝા સોસાયટી વડાલીયા ફેકટરી બીબી તળાવ વટવા-નારોલ રોડ વટવા) તા.૧૬/૦૭/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે મિત્રો સાથે વટવા ગામડી ચાર રસ્તા પાસે એસ.પી.રીંગ રોડ ખાતે કારમાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કારને ટક્કર મારતા કાર ઝાડ સાથે અથડાતા કારમાં બેઠેલ ચારેયને ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ બિલાલ શેખને મૃત જાહેર કર્યો હતો. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર બિલાલ શેખના ભાઈ અસરદઅલી શેખ એ "જે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.ગામીત ચલાવે છે.

**ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૫/૨૦૨૩**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ રોડ આકૃતિ એલીગન્સની સામે ઇલાઇટ મરકયુરી નામની બનતી સાઇટ ખાતે કડીયા કામ કરતા અને ત્યા જ રહેતા કાન્તીભાઇ સ/ઓ શંભુભાઇ ગણાગા (મુળ વતન. ગામ-લેડા તા-અંનતપુરી જી-બાસવાડા રાજસ્થાન) સાથે રહેતી કાન્તીભાઇની નાની બહેન શર્મીલા શંભુભાઇ ગણાગા (ઉ.વ.૧૫) તા.૧૫/૦૭/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સાઈટના ત્રીજા માળના લીપના ભાગેથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૬/૨૦૨૩**

**રખિયાલઃ** અનવરહુસેન અમીરહુસેન અંસારી (ઉ.વ.૫૯) (રહે. ચકુડીયા મહાદેવ રોડના છાપરાં રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૦૭/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સુનીલકુમાર રુપાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી